# માલપુર તાલુકા પંચાયતના પ્રમુખ સામે ૧૫માંથી ૧૦ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્ત

## પ્રમુખના વર્તનને લઈને અવિશ્વાસ દરખાસ્ત કરાઈ

(સમીર બલોચ) મોડાસા, તા૩૦

છેલ્લા કેટલાય સમય થી કોઈ ને કોઈ બાબત ને લઈ ને માલપરુ તાલુકા પંચાયત ના પ્રમુખ ચર્ચા નો વિષય બન્યા છે પછી તે મારામારી નો મામલો હોય કે પછી પ્રમુખ ઉપર હુમલો થયો હોય કે પછી તાલુકા પંચાયત ના સભ્યો સાથે વર્તન ની બાબત હોય માલપુર તાલુકા પંચાય ત ના પ્રમુખ સંજયભાઈ હંમેશા વિવાદો થી ઘેરાયેલા રહયા છે.

હમણાં જ થોડાક દિવસો પહેલા માલપુર તાલુકા પંચાયત ના પ્રમુખ પર રાજકીય હરિફો ધ્વારા હુમલોક રી તેમની ગાડી ના કાચ તોડી નાખવામાં આવ્યા હતા જેબ ાબતની ફરીયાદ માલપુર પોલીસ મથકે નોધાઈ હતી જયારે પોતાન જ પક્ષ ના સભ્યો જોડે ખરાબ વર્તન ને લઈ ને આજે પોતાના પક્ષ ના જ અને કોગ્રેસ ના પક્ષ ના સભ્યો એ ભેગા મળીને માલપુર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી ને તેમને પ્રમુખ પદે થી દુર કરવા માટે અવિશ્વાસની દરખાસ્ત માટે ની એક અરજી તાલુકા



વિકાસ અધિકારી ને આપવામાં આવી હતી ઝયારે અત્રે ઉલ્લેનીય છે કે હાલ માલપુર તાલુકા પંચાયત માં ૧૫ સદસ્યો નુ સખ્યાબળ છે જેમાંથી ૯ સભ્યો ભાજપા ના ૫ સધ્યો કોગ્રેસ ના અને એક સભ્ય અપક્ષ છે ત્યારે આ ૧૫ સભ્યો માં થી આજે ૧૦ જેટલા સભ્યો ની સહી સાથે માલપુર તાલુકા પ્રમુખ સામે અવિશ્વાસ ની એક અરજી માલપુર તાલુકા વિકાસ અધિકારી ને આપવામાં આવી હતી.

જયારે આ બાબતે માલપુર તાલુકા પંચાયત ના પ્રમુખ સંજયભાઈ પટેલ નો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે હુ આ બાબત થી હજુ અજાણ છુ હજુ આવી કોઈ વાત મારા સુધી આવી નથી આમ જાણવા છતાં પણ અજાણ બની ને પણ પોતે કઈ જાણતા નથી તેવો ડોળ કર્યો હતો ત્યારે તાલુકા વિકાસ અધિકારી ના જણાવ્યા તાલુકા પંચાયત ના પ્રમુખ સામે ૧૫ માં થી ૧૦ જેટલા સભ્યો ની સહી સાથે ની અવિશ્વાસ ની એક દરખાસ્ત મળી છે અને હાલ દરખાસ્ત માં જે સભ્યો ની સહી છે તે સહી બાબત ની ખરાઈ કરવા તાલુકા પંચાયત ના કર્મચારી ને મોકલી દેવામાં આવ્યા છેઅને આગળની કાર્યવાહી બંધારણ મુજબ કરવામાં આવશે.

## કામદારના લઘુત્તમ પેંશનમાં થતા વિલંબનો વિરોધ કરાયો

અમદાવાદ, તા.૩૦

આજરોજ સરદાર બાગ અમદાવાદ ખાતે બંધ મિલ અને અન્ય કંપનીઓના આશરે ૩૦૦૦ જેટલા કામદારો દ્વારા કામદારોના લઘુત્તમ રૂપિયા ૧૦૦૦નું પેન્શન અને લેબર કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટમાં ન્યાય મેળવવા થતાં અસાધારણ-અમાનવીય વિલંબ સામે ધરણા અને ન્યાયતંત્રની જાગૃતિ માટે બંધ મિલ કામદાર પુનઃસ્થાપન સમિતિ, લઘુત્તમ ૧૦૦૦ પેન્શન એક્શન કમિટિ, અમદાવાદ શહેર ઈન્ટુકના આશ્રયે દીપક બાબરીઆની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો. દીપક બાબરીઆએ કામદારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, યુપીએ સરકારે મંજુર કરેલ ૧૦૦૦ના પેન્શનના અમલીકરણ માટે મોદી સરકાર દ્વારા અખબારોમાં જાહેરાતો અને સમારંભો દ્વારા ઈપીએફ હેઠળ ૧૦૦૦નું લઘુત્તમ પેન્શન આપવાની જાહેરાત છતાં તેનો અમલ કરવામાં આવતો નથી.

# અરવલ્લી જીલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભા યોજાઈ : ૯ સમિતિઓની રચના કરાઈ

## વિરોધપક્ષના નેતા અરૂણભાઈ પટેલે મહિલાઓ માટેના શૌચાલયનો મહત્વનો મુદ્દો ઉઠાવ્યો

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૩૦

તા.૩ જાન્યુઆરી ના રોજ અરવલ્લી જિલ્લા પંચાયત ના પ્મુખ તરીકે નોતાજ ચોઈલા જીલ્લા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

પંચાયત બેઠક સદસ્ય નેહાબેન પટેલ ના શીરે મુકવામાં આવ્યા હતા આ અરવલ્લી જિલ્લા પંચાયત ની રચના થયા બાદ આજે મોડાસા ખાતે ની તાલુકા પંચાયત કચેરી ખાતે આજે પ્રથમ સામન્ય સભા મળી હતી જેમાં કારોબારી સમિતિ સહિત ની વિવિધ સમિતિઓ ની રચના કરવામાં આવી હતી.જયારે બેઠક ની શરૂઆત માં આજે પૂજય બાપુ ને શ્રંધ્ધાજલી આપી ને સભા ની શરૂઆત કરવામાં આવી હતી.

આ બેઠક માં આજે કોગ્રેસ ના સદસ્ય જશુભાઈ પટેલ ધ્વાાર માલપુર ના સર્વે નંબર ૧૨૦ માં કરાયેલ દબાણ ના મુદ્દે વિરોધ ઠાવ્યો હતો અને આ અંગે કમિટી ની રચના કરી આ કોમ્પલેક્ષ ને સીલ કરવા માટે ની કામગીરી કરવા માટે રજુઆત કરવામાં આવી હતી તેમજ માલપુર તાલુકા પંચાયતનીગાડી ના ખર્ચાઓ તેમજ હેલોદર ગામે શાળા ના ઓરડા માટે ના જમીનના બાબતે પ્રશ્નોતરી કરી સત્તા પક્ષ ને ઘેરવાનો પ્રયત્ન કર્યો હતો.

જયારે અરૂણભાઈ પટેલ ધ્વારા ખેડુતોને મળવાપાત્ર ટ્રેકટર સહાય ના ૩૦૦૦ હજારૂરપિયા ડીપોઝીટ ની રકમ પેટે ભરેલા હજુ સુધી ખેડુતો ને પરત મળ્યા નથી તેમજ અરવલ્લી જિલ્લા પંચાયત હસ્તક ના તાબા માં આવતી કચેરીઓ માં મહિલાઓ માટે શૌચાલય ની વ્યવસ્થા નથી તેમજ પંચાયત વિહોણી ગ્રામ પંચાયત નો મહત્વનો મુદ્દો ઠાવ્યો હતો.

અરવલ્લી જિલલા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ ના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠક માં જિલ્લા પંચાયત ની કારોબારી સમીતી તેમજ શિક્ષણ સમીતી બાંધકામ સમીતી આરોગ્ય સમીતી સહકાર સિંચાઈ ૨૦ મુદ્દા સમિતિ અપીલ સમીતી સામાજીક ન્યાય અને મહિલા કલ્યાણ અને બાળ વિકાસ ની સમિતી ની રચના કરવામાં આવી હતી તેમજ અમુક સમિતિઓની રચના ૮ વિરૂધ્ધ ૧૨ મતો થી તેમજ અમુક સામીતીઓ ની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી ડેપ્યુટી ડીડીઓ કુચાર ના સચિવપદે યોજએલી આ બેઠક માં જિલ્લા પંચાયત કચેરી માટે સુવિધા સજજ બિલ્ડીગ જીલ્લા પંચાયત ભવન માટે જમીન સંપાદનની કામગરી તેમજ અનેક મહત્વના કામો માટે યોગ્ય કાર્યવાહીના ઠરાવો સર્વાનુમતે મંજુર કરાયા હતા જયારે આ સભા માં અરવલ્લી જીલ્લા ના નાગરિકો ને અમુક કામકાજ માટે હાલ પણ સાબરકાંઠા જીલ્લા ના ધકકા ખાવા પડે છે તેની જગ્યાએ હવે મોડાસા ખાતેની જીલ્લા પંચાયત કચેરી શાખાના અધિકારીઓ દર બુધવારે અને ગુરૂવારે મોડાસા ખાતે હાજર રહેશે જેને લઈ ને અહિય ની જનતા ને હિંમતનગર ના ધકકા ખાવા માં થી મુકતી મળશે જયારે નવરચિત અરવલ્લી જિલ્લા પંચાયત ૨૦૧૫ ની ડાયરી બહાર પાડવા માટે ની પણ જાહેરાત કરવામાં આવી હતી.

## વસુબેન ત્રિવેદીએ મ્યુનિ શાળાની મુલાકાત લીધી

અમદાવાદ, તા.૩૦

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ તથા મહિલા અને બાળ વિકાસમંત્રી વસુબેન ત્રિવેદીએ અમદાવાદ ખાતે એલિસબ્રિજ શાળ નં. ૭-૮ની અચાનક મુલાકાત લઈ શાળાનું નિરીક્ષણ કર્યું હતું અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની એલિસબ્રિજ શાળા નં. ૭-૮, ગુલબાઈ ટેકરા ખાતે આજે મંત્રીએ શાળામાં ચાલી રહેલી મહાત્મા ગાંધી અને સફાઈ ચિત્ર સ્પર્ધામાં અચાનક પહોંચી બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. શાળાની અચાનક મુલાકાતમાં શાળા સંદર્ભે માહિતી મેળવવી મંત્રીએ બાળકોને બિરદાવ્યા હતા તેમજ વર્ગખંડોમાં જાત નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રી સાથે કોર્પોરેટર પ્રફુલભાઈ રાવલ, ચેરમેન જગદીશ ભાવસાર, સ્કુલ શાસનાધિકારી લગધીર દેસાઈ, નાયબ શાસનાધિકારી નલીનીબેન પોપટાણી તેમજ જજ ઈલાબેન ક્રિસ્ટી અને શાળા નં. ૭ના પ્રિન્સિપલ નયનાબેન સોની તથા શાળા નં. ૮ના પ્રિન્સિપલ જ્યોત્સનાબેન દવે હાજર રહ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવલ્લી જીલ્લાના મહાદેવગ્રામ ખાતે આજે ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે આજે મોડાસા તાલુકાના મહાદેગ્રામ ખાતે આવેલ સ્મારક ઉપર પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો હતો. ૩૦ મી જાન્યુઆરીના દિવસે મહાત્મા ગાંધીને નથ્થુરામ ગોડસે ધ્વારા પુજ્ય બાપુની ત્રણ ગોળી મારી આત્મહત્યા નિપજાવામાં આવી હતી. એ દિવસને આજે મહાત્મા ગાંધી નિર્વાણ દિન તરીકે ઓળખવામાં આવે છે. આ દિન નીમીત્તે સમગ્ર ભારતભરમાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રંધ્ધાજલી આપવા માટેના કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે આજે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના મહાદેવગ્રામ ખાતે આવેલ સ્મારક ઉપર પુર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ, પ્રાંત અધિકારી આનંદ આચાર્ય, મામલતદાર વિશાલભાઈ સકસેના તેમજ મારૂતી વિકાસ મંડળના પ્રમુખ નીલેષભઈ જોષી, મહાદેવગ્રામના સરપંચ દિનેશભાઈ તેમજ મોડાસા રૂરલ પીએસઆઈ જોરવરસિંહ ઝાલા, મહાદેવગ્રામ હાઈસ્કુલના કલાર્ક પનાભાઈ પટેલ, બીઆરસી ધર્મેન્દ્રસિંહ સીસોદીયા તેમજ પુર્વ સરપંચ પ્રદીપભાઈ વ્યાસ અને ગ્રામજનો ધ્વારા પુષ્પાંજલી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે શાળાના બાળકો ધ્વારા પ્રાથના યોજીને બાપુને શ્રંધ્ધાજલી અર્પવામાં આવી હતી તેમજ ઉપસ્થીત મહાનુભવોનુ સુતરનુ આંટી પહેરાવી સન્માન કરવામાં આવ્યુ હતુ.

# અરવલ્લી જિલ્લામાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે શાળા-કૉલેજોમાં ચિત્ર સ્પર્ધા યોજાઇ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા. ૩૦



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



સમગ્ર ભારતભરમાં આજે ગાંધી નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિતે આજે સમગ્ર ગુજરાત રાજયમાં આવેલી સ્કુલો અને કોલેજોમાં બે મીનીટનું મૌન પાડી અને ત્યારબાદ સ્વરછતા અભિયાન નિમીત્તે તેમજ ગાંધીજીની જીવન ચર્યા વિશે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી.

જયારે અરવલ્લી જિલ્લાના રાજેન્દ્ર નગર ખાતે રકતપિત નિર્મુલન દિનની જવણી કરવામાં આવી હતી. જેમાં રકતપિતના દર્દીઓ સાથે અમદાવાદની એક સેવાભાવી યુવતી ધ્વારા ગાંધીજીના વિચારોની આપ-લે કરાઈ હતી. જયારે બીજી તરફ અરવલ્લી જિલ્લાની બાયડ, ધનસુરા, મોડાસા, ભીલોડા, માલપુર અને મેઘરજ ખાતેની તમામ સ્કુલોમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી તેમજ બે મીનીટનુ મૌન પાડવામાં આવ્યુ હતુ.

આજનો દિવસ એ મહત્વનો દિવસ છે કે કારણ કે આજે ગાંધી નિર્વાણ દિન, રકતપિત નિર્મુલન દિન શહિદ દિન એમ એક સાથે ત્રણ મહત્વની બાબતોની ઉજવણી એક સાથે ઉજવણીને લઈને ખુબ સારી રીતે ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલી કે. એન. શાહ હાઈસ્કુલ, બ્રાઈટ સ્કુલ, કલરવ સ્કુલ ત્યારે બાયડની સારસ્વત હાઈસ્કુલ તક્ષશીલા વિદ્યાલય એમ જિલ્લામાં અલગ અલગ સ્કુલોમાં શહિદ દિન નિમિત્તે શાળાના બાળકો મેદાનમાં એકઠા થયા હતા અને બે મીનીટનુ મૌન પાડવામાં આવ્યુ હતુ અને શહિદોને શ્રંધ્ધાજલી આપવામાં આવી હતી. જયારે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીજીની તસ્વીર સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલી કરવામાં આવી હતી. જયારે જિલ્લાની તમામ શાળામાં આજે આ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓ ચિત્રકાર બન્યા હતા.

## શબ્દાવલી - ૫૬૩૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | ૪ | |
| | ■ | ૫ | ૬ | ૭ | | | ■ |
| ૮ | ૯ | | | | ■ | ૧૦ | ૧૧ |
| ૧૨ | | ■ | ૧૩ | | | ■ | |
| | ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | ■ |
| ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | |

### આડી ચાવી

૧. રસ્તો, પથ (૩)
૩. મોંઘવારીમાં કમાનાર એક હોય અને... ઘણા, તો કયાંથી પુરું થાય (૩)
૫. વાકપટૂતા (૫)
૮. વખાણવા યોગ્ય (૫)
૧૦. પ્રાર્થના, સ્તોત્ર (૫)
૧૨. નિત્ય, હરરોજ (૨)
૧૩. નનામી, ઠાઠડી (૩)
૧૫. આલિંગન (૨)
૧૬. રસથી ભરપુર (ખાસ કરીને જમીન) (૩)
૧૮. ખરગોસ, ચોપગુ પ્રાણી(૩)
૨૦. રન્નાદે (૩)
૨૨. ક્રિકેટમાં દાવ લેનારની બદલે દોડનાર (૩)
૨૪. દહીં વલોવીને.. બનાવાય(૨)
૨૫. આકાશમાં એકઠો થયેલો વરાળનો ગોટો (૩)

### ઊભી ચાવી

૧. કૈલાસ શિખર પાસેનું પ્રસિદ્ધ સરોવર (૬)
૨. સાક્ષી (૩)
૩. લેણાદેણાનો હિસાબ બેંકમાં રાખે તે (૨)
૪. યત્ર... પુજયન્તે, રમન્તે તત્ર દેવતા (૩)
૬. બાંદી, દાસી (૩)
૭. સફેદ રેસા કે સેવજેવી એક ચીજ જેમાંથી મીઠાઇ બને (૫)
૯. રાજા કરે.... દરજી સીવે કોટ (૪)
૧૧. ધાર્મિક યાત્રા સ્થળ, ધામ(૩)
૧૪. આખલો (૩)
૧૫. ફુગ્ગા (૩)
૧૭. સાર, સત્ત્વ (૩)
૧૯. સહેલું (૩)
૨૧. 'વાલ' શબ્દ ઉંધો (૨)
૨૩. રાજાઓ... માં સવારી કરી બહાર જતાં (૨)

### શબ્દાવલી ૫૬૨૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સથવારો (૪) હજમ (૭) લાડ (૮) પકવાશય (૧૦) કવેણ (૧૧) કાપડ (૧૩) કીરતાલ (૧૭) રઘવાટ (૧૮) ઝડપ (૧૯) ડીશ (૨૦) કાળપ (૨૩) પાત્રીસ (૨૫) ઉલટપુલટ

**ઊભી ચાવી :-** (૧) સલાહકાર (૨) થડ (૩) રોપવે (૪) હવા (૫) જશ (૬) મય (૯) કણકી (૧૦) કડવાશ (૧૨) પઘડી (૧૪) રઝળપાટ (૧૫) તાડપત્રી (૧૬) લપ (૨૧) ચાંઉ (૨૨) દાપુ (૨૪) સડો

## વડોદરામાં હિટ એન્ડ રન : ઉના ઘટના સ્થળે જ મોત

ગુજરાતના મહાનગરોમાં દિવસેને દિવસે બેફામ ડ્રાઈવીંગના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે જેના કારણે રાહદારીઓ માટે રસ્તા પર ચાલવુંપણ મુશ્કેલ બન્યું છે. હજી બુધવારે સુરત અને અમદાવાદમાં સર્જાયેલ હિટ એન્ડ રનમાં ઘાયલ થયેલ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે ત્યારે વડોદરામાં વધુ એક હિટ એન્ડ રનનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. શહેરના સરદાર એસ્ટેટ પાછળ આવેલ રણછોડનગરમાં લગ્નનો ઉત્સાહ શોકમાં ફેરવાઈ ગયો હતો. રણછોડનગરના યુવાનની જાનમાં ગયેલા રણછોડનગરના દંપતી સહિત ચાર વ્યકિતઓ ઓટોરિક્ષામાં અને આઠ જેટલી વ્યકિતઓ ચાલતા કિશનવાડીમાંથી રણછોડનગરમાં આવી રહ્યા હતા. ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલી કારે ઓટોરિક્ષા અને ચાલતા પસાર થતાં લોકોને અડફેટમાં લીધા હતા.

## અશ્વમેળાનું આકર્ષણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભાગવા ઘોડાનો ઉપયોગ થવા લાગ્યો. ઘોડો છેલ્લા પાંચ હજાર વર્ષથી મનુષ્યના ઉપયોગમાં હોવાનું ઐતિહાસિક ઉલ્લેખોના આધારે જણાયેલ છે. આ માત્ર સાહિત્યિક ઉલ્લેખો છે. પુરાતત્વ શાસ્ત્રની દષ્ટિએ ઘોડો આટલો પ્રાચીન પુરવાર થતો નથી. કારણ કે ગુજરાત અને ગુજરાત બહાર જે જે ખોદકામો થયાં તેમાં અમુક સ્થળે માનવના અસ્થિ સાથે ઘોડાના અસ્થિ પણ મળી આવેલ છે. ઘોડાના આ અસ્થિ અઢીથી ત્રણ હજાર વર્ષ પ્રાચીન હોવાનું પુરવાર થયેલ છે. પ્રાચીન સાહિત્યમાં અશ્વ ભારતના પ્રાચીન સાહિત્યમાં ૫૦૦થી વધારે વાર હાથીનો ઉલ્લેખ આવે છે. અને ૨૦૦ થી વધારે વાર અશ્વનો ઉલ્લેખ આવે છે. આ ઉલ્લેખોમાં સૌથી મોટું નામ મહાકવિ કાલિદાસનું છે.


કાલિદાસના સાહિત્યમાં આશરે ૪૦૦ ઉલ્લેખ હાથી અને ૧૭૫ ઉલ્લેખો ઘોડાના છે. બાકીના ઉલ્લેખો અન્ય વૈદિક સંસ્કૃત સાહિત્ય અને કાવ્ય ગ્રંથોનો સમાવેશ થાય છે. પ્રાચીનતાની દષ્ટિએ નોંધીએ તો ઋગ્વેદમાં કુલ-બે વખત અશ્વનો ઉલ્લેખ જોવા મળે છે. અશ્વનો પહેલો ઉલ્લેખ અક્ર નામથી છે. અને તે આશરે પાંચ હજાર વર્ષ પહેલા હોવાનું અનુમાન છે. ગુજરાતમાં વપરાતો ઘોડો શબ્દ સંસ્કૃતના ઘોટક શબ્દ ઉપરથી ઉતરી આવેલો છે. સંસ્કૃતમાં ઘોડા શબ્દનો જાણવા મળતો પહેલો પ્રયોગ અશ્વઘાતી નામના શુભાષિત રત્નાકર ના એક વિભાગમાં જોવા મળે છે. ઘોટક શબ્દ આવ્યો છે તેનો સમય આશરે ૧૫૦૦ વર્ષથી વધારે છે.

## સક્ષમ માર્ગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ ૧૮મી નેશનલ કોન્ફરન્સ ઓન ઈ-ગવર્નન્સના ઉદ્ઘાટન સમારોહની આભારવિધિ ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના સ્પેશ્યલ સેક્રેટરીએ કરી હતી.

આ પ્રસંગે ગુજરાતના રાજયકક્ષાના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી ગોવિંદભાઈ પટેલ, ભારત સરકારના ડી.ઈ. આઈ. ટી.વાય.ના અધિક સચિવ તપન રાય, ભારતના ટેલીકોમ્યુનિકેશન મંત્રાલયના સચિવ રીયા તિવેટીયા, રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ એસ.જે. હૈદર, ટી.સી.એસ.ના સી.ઈ.ઓ. એન્ડ એમ.ડી. એન. ચંદ્રશેર, એમ.ડી. સંજય કૌલ, વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સહિત રાજ્ય તેમજ દેશની વિવિધ આઈ.ટી. ક્ષેત્રની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.






વિદ્યાભારતી પ્રશિક્ષણ તાલીમ કેન્દ્ર ખાતે યોજાયેલ દશાબ્દી સમારોહમાં રાજ્ય ઉચ્ચ શિક્ષણના શ્રીમતિ વસુબેન ત્રિવેદીએ મુખ્ય સેવિકાઓને આત્મવિશ્વાસ સાથે સમાજ નિર્માણમાં કાર્યરત થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શ્રી કૃષ્ણકાન્ત જહા, શ્રી મફતભાઈ વાઘેલા, શ્રીમતિ વિદ્યાબેન પસારી અને ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જાહેર નિવિદા નં.૧, ૨૦૧૪-૧૫

નાયબ વન સંરક્ષકશ્રી, તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, 'જ' રોડ, અક્ષરધામ સામે, બોરીજ ગામ પાસે, સે.૨૦, ગાંધીનગર હસ્તકના વન્યજીવ તાલીમ વિભાગ, એસ.ટી.એસ. કેમ્પ સાઈટ ખાતે રીટેઈનીંગ વૉલ બનાવવાની કામગીરી માટે આ કામગીરીમાં રસ ધરાવતી પાર્ટી પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડર ફોર્મ ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી તેઓના લેટર પેડ પર અરજી કરીને ટેન્ડર ફી રૂ. ૫૦૦/- ફી ભર્યેથી તથા દસ્તાવેજ રજૂ કર્યેથી તા. ૬/૨/૨૦૧૫ સુધી ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલા ટેન્ડર તા. ૧૨/૨/૨૦૧૫ના રોજ કચેરી સમય દરમિયાન સાંજે ૪-૦૦ કલાક સુધી આ કચેરીને મળી જાય તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. તથા રૂબરૂથી સીલબંધ કવરમાં પરત મોકલી આપવાના રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરીના કામકાજના દિવસો દરમિયાન સંપર્ક કરવાથી મળી રહેશે.

નાયબ વન સંરક્ષક
તાલીમ વિભાગ, ગાંધીનગર

માહિતી/૨૩૦૮/૨૦૧૪-૧૫

